| | | |
|---|---|---|
| वर्ष : १८ | सने : २०२१ | सं.२०७७ |
| अंक : १३, | સળંગ અંક-१०९ | आषाढ-जुलाई |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૮ સને ૨૦૨૧ સં.૨૦૭૭

અંક : ૧૩ અષાઢ જુલાઈ સળંગ અંક-૧૦૯


**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**


**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ સાધર્મિકભક્તિ અને અનુકંપા

★ અહો નવકાર !!!

★ ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગનું સ્થાપન : ૩

★ અનુમોદનાનું અમૃત


## આર્ષવાણી

**अनादिकेऽत्र संसारे,**

**भ्राम्यतो भवकोटिषु ।**

**माता-पितादिरूपेण,**

**जाताः सर्वेऽपि जन्तवः ।।**

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં તમામ જીવો, કરોડો ભવો થવાના કારણે માતા-પિતાદિ તમામ સંબંધો બાંધી ચૂક્યા છે.

સંસારમાં ભટકતા સર્વ જીવો પરસ્પર અનંતીવાર શત્રુભાવને પણ પમ્યા છે. તેથી માતા-પિતાદિનો નિશ્ચય કેવી રીતે કરવો ?



## ★ સાધર્મિકભક્તિ અને અનુકંપા ★★★

- પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મ.સા.

**મહારાજા કુમારપાળની સાધર્મિક ભક્તિ :**

વિક્રમની નવમી સદીમાં ગુજરાતની રાજધાની પાટણ નક્કી થઈ. એ પાટણની રાજધાની પર ઘણા-ઘણા રાજાઓએ રાજ્ય કર્યું. ગુજરાતને ઘણી ઊથલ-પાથલ, ચઢતી-પડતી જોવા મળી. ગુજરાતની પ્રજાએ ઘણું સહન પણ કર્યું. અલબત્ત, હિંદુ - મુસ્લિમનાં પરસ્પર યુદ્ધો પણ ગુજરાતની ભૂમિમાં ઘણાં થયાં. હિંદુઓની એકતાના અભાવે અન્ય રાજાઓ ગુજરાતની ગરાસને લૂંટતા ગયા, ગુજરાતની ગૌરવગાથા પણ ઓછી નથી, જાનની બાજી લગાવીનેય રાજ્ય-પ્રજા-ધર્મ - સંપત્તિ વગેરેની રક્ષા કરી છે.

વિક્રમની તેરમી સદીની વાત છે. ચૌલુકયવંશના મહારાજા કુમારપાલની આણ ગુજરાતની ધરતી પર વર્તતી હતી. માત્ર ગુજરાત જ નહીં, અઢાર દેશમાં કુમારપાળ મહારાજાનું શાસન - આધિપત્ય હતું. તેમને બચાવવા - ટકાવવામાં શ્રી હેમચન્દ્રાચાર્યશ્રીનો પણ ફાળો નાના-સૂનો ન હતો. પુરોગામી રાજવી સિદ્ધ-રાજની લેશમાત્ર ભાવના ન હતી તેને ગુજરાતની ગાદી પર બેસાડવાની... પરંતુ પ્રતાપી રાજવી તેજ અને પુણ્ય લઈને આવેલી વ્યક્તિને કોણ રાજ્યગાદીથી દૂર કરી શકે ? લગભગ ૩૩ વર્ષ મહારાજા કુમારપાળે પોતાના કૌશલ્યથી રાજ્ય ચલાવ્યું. એ કાળ સુવર્ણકાળ ગણાવી શકાય તેવો હતો. રાજ્ય શાસન ઉપરાંત ધર્મશાસન પણ લોકહૈયામાં સ્થપાયું. કુમારપાળ રાજાએ વંશ પરંપરાથી ચાલી આવતો શૈવધર્મ છોડી (મિથ્યાત્વનો ત્યાગ કરી) જૈનધર્મનો (સમ્યક્ત્વનો) સ્વીકાર કર્યો. કાશ ! એમાં કલિકાલસર્વજ્ઞ, સાડાત્રણ કરોડ શ્લોકના રચયિતા જૈનાચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો પ્રભાવ હતો. જૈનાચાર્યનો પરિચય તેમના માટે તથા અઢારે દેશ માટે પ્રભાવશાળી અને આશીર્વાદરૂપ સાબિત થયો.

મહારાજા કુમારપાળે અહિંસાના ઊંડા પાયા નાંખ્યા. અઢારે દેશમાં 'માર' એવો શબ્દ ય ન બોલી શકાય તેવી સખ્ત આણ પ્રવર્તાવી. માર શબ્દ બોલનારને સજા થતી. મતલબ, આણનું અતિક્રમણ સજાપાત્ર ગણાતું. 'સજ્જનોનું સન્માન અને દુષ્ટોને દંડ' ની કડક નીતિ અપનાવાતી હતી. કડક અનુશાસન તો દરેક ઠેકાણે જરૂરી નથી ? ઘર હોય કે સમાજ, વ્યાપાર હોય કે વ્યવહાર, ધન હોય કે

ધર્મ... નીતિનું અનુશાસન તો જરૂરી છે. અનુશાસન ન હોય તો તે વ્યવસ્થાઓ છિન્ન ભિન્ન થઈ જાય છે. **અનુશાસન એ કોઈ જોર-જુલમ નથી... નીતિ-નિયમોનાં પાલન દ્વારા થતી તમામ પ્રકારની સુરક્ષા છે.** બોલવા - લખવા, ખાવા-પીવા વગેરેની સામાન્ય બાબતોમાંય જો અનુશાસન ન હોય તો અથવા અનુશાસનનું ધ્યાન રાખવામાં ન આવે તો કેવાં કેવાં અનર્થોનું સર્જન થાય છે, તે સહુ કોઈ જાણે છે. બધાને એનો અનુભવ છે.

શાસ્ત્રોમાં અનુશાસનના ત્રણ પ્રકાર બતાવ્યા છે. **૧. આત્માનુશાસન ૨.પરાનુશાસન અને ૩. ઉભયાનુશાસન.** પોતાની જાત પર પોતે અનુશાસન કરવું. પોતાની જાતને પોતે જ સંભાળવી, પોતાને ડાહ્યો બનાવવો. જાતને શિખામણ આપવી... તે છે આત્માનુશાસન. જેમાં બીજાને સમજાવાય, શિખામણ અપાય...તે પરાનુશાસન. તે જ રીતે જેમાં પોતાની જાતને અને સામી વ્યક્તિ : એમ બંનેને સમજાવાય તે ઉભયાનુશાસન. પરાનુશાસન સહેલું છે. કારણ, તેમાં પોતાને કાંઈ આચરણ કરવાનું નથી. માત્ર બીજાને ઉપદેશ આપવાનો છે. માત્ર પરાનુશાસન કરનાર માટે જ કહેવત પડી છે. 'ડાહી સાસરે જાય નહીં, ને ગાંડીને શિખામણ આપે કે પિયરમાં ન રહેવાય.. સાસરે જવું જોઈએ'.

વાસ્તવિકતા એ હોવી જોઈએ કે- નીતિ - નિયમો ઘડનારે તેનું ચૂસ્તપણે પાલન કરવું જોઈએ. નિયમો ઘડનાર જ જો નિયમોનું પાલન ન કરે તો મતલબ શું ? ઘરના વડીલો માટે પણ આ જ રીતિ-નીતિ હોવી જોઈએ.

પાટણમાં તે સમયે કુર્ચાલ સરસ્વતીનું બિરુદ ધારણ કરનારા રાજ્યગુરુ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા બિરાજમાન હતા. આચાર્ય ભગવંત પાસે એક વાર, એક સાધારણ સ્થિતિવાળો શ્રાવક આવ્યો. વંદનાદિ વિધિ પતાવીને શ્રાવકે પૂ.આચાર્યશ્રીજીને વિનંતિ કરી કે - હે ગુરુદેવ ! મારે આપને એક કપડો વહોરાવવો છે. આપ કૃપા કરી લાભ આપો. પામર એવા મારી વિનંતિ માન્ય રાખો.

'કલિકાલ સર્વજ્ઞ' બિરુદને ધારણ કરનારા ગુરુદેવને તરત જ ખ્યાલ આવી ગયો કે - આ શ્રાવક સાધારણ સ્થિતિવાળો હોવા છતાં ભાવના સંપન્ન છે. અર્થાત્ આર્થિક સ્થિતિ સાધારણ છે. ભાવથી તો શ્રીમંત છે દ્રવ્ય-ભાવઃ બંનેનું સાપેક્ષ ધ્યાન રાખનારા ગુરુદેવ બોલ્યાઃ ભાગ્યશાળી ! હાલ અમારે કપડાની જરૂરિયાત (ખપ) નથી.



આમ કહેવા છતાં શ્રાવકે ખૂબ જ આગ્રહ કરતાં, ગુરુભગવંતે તેના ભાવ ન તૂટે તે માટે કહ્યું:'એક મુહપત્તિ જેટલું વસ્ત્ર વહોરાવી તમારી ભાવના સફળ કરો.' આટલું ગુરુદેવે કહ્યા પછી પણ જ્યારે શ્રાવકે પોતાનો આગ્રહ આખા કપડા માટે જ રાખ્યો ત્યારે શ્રાવકની ભાવનાને ટકાવવા ગુરુદેવે તેમની વિનંતિનો સ્વીકાર કરવા પૂર્વક કપડો વહોર્યો. ગુરુદેવો લગભગ શ્રાવકના ભાવ ન તૂટે તેનું ધ્યાન રાખતા જ હોય છે. અલબત્ત, ભાવમાં વૃદ્ધિ - ભરતી આવે એવી જ પ્રવૃત્તિ કરવા સાથે પ્રેરણા કરતા હોય છે. દાન હોય, શીલધર્મનું પાલન હોય, તપ હોય કે જિનભક્તિ વગેરે કોઈ પણ અનુષ્ઠાન હોય.. જિનશાસનમાં ભાવનું મહત્ત્વ વિશેષ છે. **ભાવ તો દૂધમાં ભળતી સાકરની જગ્યાએ છે. રસોઈમાં લૂણની જગ્યાએ છે.** ભાવ વિના આસ્વાદ ક્યાંથી આવે ? ભાવ-ભાવના તો સમગ્ર સંસારનો અંત લાવવાની તાકાત ધરાવે છે.

સમયજ્ઞ સૂરિદેવે તે વહોરેલો કપડો પડિલેહણ કરાવી તરત જ ઓઢી લીધો. આની પાછળ પણ ગુરુદેવના મનમાં કંઈક ગણિત કામ કરતું હતું. અનેક પ્રકારની ધર્મપ્રવૃત્તિ કરનારા મહારાજા કુમારપાળના મગજમાં ગૌણ થઈ ગયેલી એક ક્રિયાને વેગ આપવાની ભાવના કામ કરતી હતી. **સન્માર્ગનો બોધ ગુરુ વગર કોણ કરાવે ?** ગુરુવિના તો ઘોર અંધકાર હોય છે. ગુરુ મ. વગર દેવનોય પરિચય સંભવિત નથી. મોક્ષમાર્ગ બતાવનાર ગુરુભગવંત જ હોય છે. **સંસારનો પ્રારંભ ગોર મહારાજ (લગ્ન વિધિ કરાવનાર બ્રાહ્મણ) થી થાય છે. જ્યારે સંસારનો અંત ગુરુમહારાજ દ્વારા થાય છે.** પાપના નાશનો અને પુણ્ય કમાવાનો માર્ગ ગુરુભગવંતો દ્વારા જ પ્રાપ્ત થાય છે.

મહારાજા કુમારપાળ રોજ ગુરુવંદન કરવા આવતા. પરમાર્હત્ કુમારપાળ શૈવધર્મનો ત્યાગ કરી સર્વદોષ રહિત અને સર્વ ગુણ સંપન્ન અરિહંત પરમાત્માના પરમ ઉપાસક બન્યા હતા. દેવ-ગુરુને સંપૂર્ણ સમર્પિત બન્યા હતા. જિનભક્ત-ગુરુભક્ત કુમારપાળને સાધર્મિક ભક્તિના ક્ષેત્રે પણ આગળ વધારવાના ભાવથી સૂરિદેવે કુમારપાળના વંદનાર્થ આવવાના સમયે જ ; એ શ્રાવકે વહોરાવેલો જાડો કપડો જાતે ઓઢ્યો.

હંમેશના નિયમપ્રમાણે મહારાજા કુમારપાળ હાથીની અંબાડી પર બેસી, રસ્તામાં દાન દેતાં દેતાં ગુરુદેવ પાસે પહોંચ્યા. વંદન કરીને ગુરુદેવને સુખશાતા પૂછ્યા બાદ ભક્ત કુમારપાળની નજર ગુરુદેવે પહેરેલા કપડા ઉપર પડી. આશ્ચર્ય

સાથે રાજાએ ગુરુભગવંતને પૂછ્યું: હે ગુરુદેવ ! પાટણમાં મારા જેવા શ્રીમંતો ઓછા છે ? આપે આજે આવો જાડો કપડો કેમ ઓઢ્યો છે ? આપને માટે તો લાભ લેનારની પડાપડી થાય તેમ છે, આપને આ કપડો શોભે પણ નહીં.

ગુરુભક્તિના અખંડ રાગથી ભરેલા હૃદયવાળા મહારાજા કુમારપાળે કરેલા પ્રશ્નના જવાબમાં શ્રીગુરુમહારાજે રાજાની વિવેકદૃષ્ટિ ખોલવાના હેતુથી મીઠા ઠપકા જેવા શબ્દોમાં જણાવ્યું કે - 'તારા જેવા શાસનના થંભ, શ્રાવક નિર્ધન એહી અચંબ.' શ્રી જિનેન્દ્ર શાસનરૂપી મહેલના થાંભલા જેવા તારા સરખા ઘણા શ્રીમંત - સક્ષમ મહાપુણ્યશાળી શ્રમણોપાસકો પાટણમાં હયાત છે, આવા નગરમાંય કેટલાક શ્રાવકો નિર્ધન અવસ્થામાં છે, એટલે દરિદ્રતાદિથી તેઓ દુ:ખી છે. કારમી પીડા ભોગવવા છતાં તે દરિદ્ર છે પરંતુ દીન નથી. મતલબ, પોતાના પાપોદયને માનતા સમજતા તેઓ દીનતા ક્યારેય બતાવતા નથી. એમની દરિદ્રાવસ્થાને દૂર કરવાની બાબતમાં તમે બિલકુલ ધ્યાન આપતા નથી, તેથી મને ખૂબ આશ્ચર્ય લાગે છે.

વાતને આગળ વધારતાં આચાર્યભગવંતે જણાવ્યું: અમારે મન તે કપડો જાડો હોય કે ઝીણો... કાંઈ ફરક પડતો નથી. અમારે મન તો બધું જ સમાન છે. પરંતુ એક ગરીબ-સાધારણ સ્થિતિના, ભાવના સંપન્ન શ્રાવકે ભાવથી આગ્રહ પૂર્વક આ કપડો આજે વહોરાવ્યો છે. તે તમારા જેવાની આંખો ખોલવાના ઈરાદાથી - સાધર્મિક ભક્તિનો ઉપદેશ દેવાની વૃત્તિથી પહેર્યો છે. અમને કે તમને દેવ-ગુરુની કૃપાથી કોઈપણ પ્રકારની કમીના નથી. પુણ્યોદયે ઘણું જ મળ્યું છે. હા, શ્રાવકોની પરિસ્થિતિનો દીર્ઘ - દૃષ્ટિથી વિચાર કરતાં જણાય છે કે - હાલ તમારે સાધર્મિક ભક્તિ કરવા તરફ ખૂબ જ લક્ષ્યવાળા બનવાની તાતી જરૂર છે. સાધર્મિક-ના ક્ષેત્રને ટકાવનારો-વધારનારો સાતે ક્ષેત્રને પોષે છે, પુષ્ટ કરે છે, આ વાતમાં ક્યાંય અતિશયોક્તિ પણ નથી. શાસનનો વિચાર તમામ પાસાંઓથી કરવો જોઈએ. સર્વતોમુખી ઉન્નતિ માટે પ્રયત્નો થવા જોઈએ.

આપણા અનેક શાસ્ત્રો જણાવે છે કે - બુદ્ધિરૂપી ત્રાજવાના એક પલ્લામાં બધા જ ધર્મોને મૂકો... બીજા પલ્લામાં માત્ર સાધર્મિકભક્તિ મૂકો તો કયું પલ્લું નમે ? જવાબમાં કહેવું જ પડશે કે - સાધર્મિક ભક્તિવાળું પલ્લું જ ઝૂકશે. સાધર્મિકનો સંબંધ દરેક ભવમાં બંધાતો નથી. માતા-પિતાદિના સંબંધો તો દરેક જન્મમાં બંધાય જ છે. સાધર્મિકનો સંબંધ અતિદુષ્કર છે.

પુણ્યાનુબંધીપુણ્યના ઉદયથી મળેલી લક્ષ્મીને સાધર્મિક બંધુઓની ભક્તિ



કરવામાં વાપરવી જોઈએ. બીજાને પણ એ માટે પ્રેરણા કરવી જોઈએ. સાધર્મિક ભક્તિના ત્રણ પ્રકાર ગણાવ્યા છે. જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ. શક્તિ પ્રમાણે ભક્તિ કરાવની છે. સારી સંપત્તિ હોય તો ઉત્કૃષ્ટ ભક્તિ કરવી. એમાં નબળી સ્થિતિવાળા હોય કે ગુણવાન હોય, તેમની ઉત્કૃષ્ટ આદર - બહુમાનપૂર્વક, ઉત્તમ દ્રવ્યોથી જમાડવા પૂર્વક યોગ્ય-ઉચિત પહેરામણી આપવાની વાત શાસ્ત્રકારો કરે છે, જઘન્યમાં વિશેષ શક્તિ ન હોય તો ઓછામાં ઓછી સુત્તરની આંટી-સોપારી-મુહપત્તિ જેવી ચીજ પ્રદાન કરવાની વાત છે. બાકીની મધ્યમભક્તિ ગણાય છે. ધનવાન હોય તોય તેમની સાધર્મિકભક્તિ કરવી. સંઘસાધર્મિક વાત્સલ્ય પણ આનો જ પ્રકાર છે. આફતમાં આવેલા સાધર્મિકની તમામ પ્રકારની આપત્તિ દૂર કરવાની વાત પણ શાસ્ત્રકારભગવંતો કરે છે.

પુણિયાશ્રાવકની ભક્તિ પણ જાણીતી છે. તે માટે તેઓ પતિ-પત્ની વારાફરતી ઉપવાસ કરીને સાધર્મિકભક્તિ કરતાં હતાં. અવસર્પિણી કાળના પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજા, સૂર્યયશા, દંડવીર્ય, વિપુલવાહન રાજા વગેરેએ તથા અનેક પ્રધાનો, મંત્રીઓ, શ્રેષ્ઠીઓએ સાધર્મિકભક્તિ કર્યાનાં દૃષ્ટાંતો ઈતિહાસનાં પાનાંઓમાં નોંધાયાં છે.

ગુરુદેવના ઉપદેશને ઝીલીને કુમારપાળ રાજવીએ ઉદયનમંત્રી વગેરેને કાર્ય સોંપ્યું કે - દરેક ગામ - નગરોમાં તપાસ કરાવો... નબળી સ્થિતવાળાને સબળ બનાવો... ગુણવાનની પણ ભક્તિ કરો. વર્ષે - દહાડે આવતો સાધર્મિકોનો કર (ટેક્ષ) માફ કરવા ઉપરાંત લગભગ દર વર્ષે એક કરોડ દ્રવ્યનો સદ્વ્યય રાજા કુમારપાળ દ્વારા સાધર્મિક ભક્તિ માટે કરાયો હતો. એ રીતે ધનને સફળ બનાવ્યું.

આ રીતે જિનભક્તિ - ગુરુભક્તિ - શ્રુતભક્તિ - સાધર્મિકભક્તિ કરનાર પુણ્યમાત્મા - ભવ્યજીવ, તીર્થંકર - ગણધરાદિ પદ પ્રાપ્ત કરીને અંતે મોક્ષનાં અનંત સુખને પ્રાપ્ત કરે છે !

સાધર્મિકભક્તિ - દેશવિરતિજીવન - ગામ - નગરને તારવાની ભાવનાથી કુમારપાળરાજાએ ગણધરનામકર્મ ઉપાજર્યું. આવતી ચોવીશીના પ્રથણ તીર્થંકર શ્રીપદ્મનાભસ્વામી (શ્રેણિકરાજાનો જીવ) ના ગણધર બનીને મોક્ષે પધારશે.

ચન્દ્રાવતી નગરીના શ્રાવકોની પણ ભક્તિ ઈતિહાસનાં પાનાંઓમાં અંકિત થઈ છે. એ પણ અનુકરણીય છે.

ચન્દ્રાવતી નગરીમાં ૩૬૦ કરોડાધિપતિ શ્રાવકો રહેતા હતા. તે બધા ક્રમશ:

એક જ રસોડે જમતા. મતલબ, આજે જે રસોડે (જે વ્યક્તિને ત્યાં) જમ્યા તે રસોડે બાર મહિના વીત્યાબાદ નંબર આવે. તે સમયે, તે શ્રાવકોનાં દિલમાં સાધર્મિકભક્તિ કેવી વસી હશે ? સાથે એકતા પણ કેવી હશે ? એ નગરીની પદ્ધતિ આજે અપનાવવામાં આવે તો શ્રીસંઘની એકતા સાથે ઘણાં કાર્યો સરળ થઈ જાય. પરસ્પર પ્રેમ - સંપ - સેવાની ભાવના - અખંડ બની રહે. સંઘની શક્તિનો સૌને પરિચય પણ થાય અને જરૂર પડે પરચો પણ મળે.

એ નગરીમાં કોઈ સીદાતો સાધર્મિક આવે તો નગરીના પ્રત્યેક શ્રાવક એક એક દિવસ જમવાનું (ભક્તિનું) નિમંત્રણ કરે, જમાડે.. બધા ભેગા મળીને પોતાની શક્તિ અને ભાવ સાચવીને, આગંતુક વ્યક્તિની આબરુને ધક્કો ન પહોંચે તે રીતે ભક્તિ કરતા. અનુપમાદેવી પણ આ જ નગરીનાં રહીશ હતાં. તે પણ સાધર્મિકભક્તિ વગેરેના પ્રભાવે અહીંથી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમકુળમાં જન્મ લઈ ચારિત્ર ધર્મની આરાધના કરતાં કેવળજ્ઞાન પામ્યાં, હાલ કેવલી તરીકે વિચરે છે.

ધ

## ★ અહો નવકાર !!! ★★★

**આલેખન : પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી) ભેંસો સામા કિનારે કોઈ ખેતરમાં ચાલી ગઈ - ત્યાં પહોંચી ગઈ - એ વાત ધ્યાન માં આવતાં જ તે સુભગ ગભરાયો. શેઠ તરફથી ઠપકો મળશે-એનો ડર લાગ્યો. પોતાને નદીના પાણીમાં તરતાં આવડતું ન હતું. ભેંસોને પરત લાવવી જ પડશે. તે માટે મારે પણ સામા કિનારે જવું અનિવાર્ય છે; એમ જાણી મનમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં નદીના પ્રવાહમાં ઝંપલાવ્યું !

માનવીનું ધાર્યું ક્યાં થાય છે ? માનવ ધારે છે કાંઈક ને થાય છે કાંઈક ! માનવની ધારણા દૈવ (ભાગ્ય) અનુકૂળ હોય તો જ ફળે, પાર પડે. જગતના જીવો પર કર્મ-રાજાની પણ સત્તા ચાલે છે, તેનીય આણ (આજ્ઞા) પ્રવર્તે છે. તેથી જ તો 'ધર્મી ને ઘેર ધાડ' જેવી કહેવતો સાચી ઠરે છે. **ભાગ્ય (પુણ્ય) જ્યારે વિપરીત બને છે, ત્યારે દુનિયાની ગમે તેવી હસ્તી પણ તેને બચાવી શકતી નથી. કોઈપણ કર્મ ઉદયાવલિકામાં પ્રવેશ લઈ લે છે, પછી ધર્મસત્તાનું પણ ત્યાં કાંઈ ચાલતું નથી.** હા, ઉદયમાં આવ્યા પૂર્વે તેવા પ્રકારનો તપ વગેરે ધર્મસત્તા સ્વરૂપે - શસ્ત્ર સ્વરૂપે



હાથમાં આવી જાય તો જીવ તે પાપકર્મોનાં કટુફળોથી આબાદ બચી જાય છે ! સમતા સહિતનો તપ નિકાચિત કર્મનાં બંધનો તોડવાય સમર્થ છે !

સુભગે પાણીના પ્રવાહમાં ઝંપલાવ્યું ત્યાં જ તેને લોખંડનો (મતાંતરે લાકડાનો મજબૂત ખીલો, જે પાણીમાં નીચે હતો, તે શરીરમાં પેસી ગયો ! એ ખીલામાં તેનું શરીર વિંધાઈ ગયું. ગણતરીની પળોમાં જ, નવકારમંત્રના સ્મરણ સાથે સમાધિપૂર્વક કાળધર્મ (મૃત્યુ) પામ્યો. ભાગ્યની આગળ તો દેવ - દેવેન્દ્ર - અસુર - અસુરેન્દ્ર - માનવેન્દ્ર... કોઈપણ હોય, બધા જ તેના દાસ બની જાય છે. તેની આજ્ઞાને વહન કરે છે. ત્યાં આ બિચારા સુભગની શી તાકાત ?તેનું શું ગજું ? દેવોની આગળ તો માનવ એક નાના કીડા જેવો ગણાય !

શ્રીનમસ્કાર મહામંત્રના સ્મરણ-શ્રદ્ધાના અનુપમ પ્રભાવના યોગે સુભગનો જીવ; ઋષભદાસ શેઠને ત્યાં જ, તેમની ધર્મપરાયણ પત્ની (શ્રાવિકા) ની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો.

પુત્રજન્મ નિમિત્તે ઋષભદાસ શેઠને ત્યાં મંગલ વાદ્યો વાગવા લાગ્યાં. શેઠ-શેઠાણી પુત્રના આગમનથી ખુશ થયાં. ઘરમાં રહેલાં દાસ-દાસી પણ આનંદિત બન્યાં. પુત્ર જન્મની ખુશાલી કોને ન હોય ? ગામમાં કોઈને ત્યાં પુત્રનો જન્મ થાય તોય માનવોને (ગામના રહીશોને) આનંદ થતો હોય ત્યાં, જેના ઘરમાં પુત્ર જન્મ થયો હોય તે ઘરમાં તો આનંદ અને ઉલ્લાસ કેવાં હોય ? દાસ - દાસીએ હર્ષ - ઘેલાં બનીને ગૃહ-મંદિરને ધજા-પતાકાઓથી શણગાર્યું. પુત્ર-આનંદનો ઉત્સવ આઠ-આઠ દિવસ ચાલ્યો !

યોગ્ય અવસરે ઋષભદાસ શ્રેષ્ઠીએ, પુત્રનાં ઉત્તમ લક્ષણોને જાણી 'સુદર્શન' એવું ગુણ-નિષ્પન્ન નામ સ્થાપન કર્યું. જે ઘરમાં સુભગ દાસત્વરૂપે હતો, તે જ ઘરમાં એ નવકારમંત્રના વિશિષ્ટ પ્રભાવે ઘરનો સ્વામી બનવા માટે અવતર્યો ! શેઠનો નોકર મટી સુપુત્ર બન્યો, જે આવતી કાલે સુદર્શન શેઠ બનશે. નવકારના શ્રદ્ધાપૂર્વકના સાતત્યપૂર્ણ સ્મરણથી આવી ઉત્તમગતિ અને ઉત્તમસ્થિતિને પામ્યો, તે નવકારનું સ્મરણ ૧૦૮ વાર પણ શું વાંચકો નહીં કરે ? જરૂર કરશે જ, એવી મને શ્રદ્ધા-વિશ્વાસ છે. વિશ્વનો આ સર્વશ્રેષ્ઠ - બેજોડ મંત્ર છે. આની હરિફાઈમાં ઊતરવાની કોઈ પણ મંત્રની તાકાત નથી. 'લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.' આવી કહેવત પ્રમાણે હોડમાં ઊતરેલા મંત્રની હાલત થાય !

જેના હૈયે શ્રીનવકાર, તેને શું કરશે સંસાર ? કર્મ ભલે ચૌદ રાજલોકમાં પોતાનો પંજો ફેલાવીને બેઠું હોય તોય એટલું જરૂર ધ્યાનમાં રાખજો કે, આ કર્મ એ નપુંસક છે, જ્યારે ધર્મ એ પુરુષ-મર્દ છે. કર્મ ચૌદ રાજલોકમાં જીવને ખૂણે-ખૂણે ભટકાવે છે, પરંતુ જ્યાં એ ધર્મના શરણે જાય છે, ધર્મનું; તારક - જગદુદ્ધારક - પ્રચંડ સામર્થ્યમય શરણ સ્વીકારે છે ત્યાં અલ્પકાળમાં જ તે ભટકતા જીવને અચલ - અવ્યાબાધ - સ્થિર - નિર્વિઘ્ન - અનંત આનંદમય સ્થાન અને સ્થિતિરૂપ સ્થાનમાં પહોંચાડી, નવકારમાં બીજે પદે કાયમી - શાશ્વત સ્થાન - જગ્યા આપી બિરાજમાન કરી દે છે ! એ માટે જીવે અનન્ય મનથી ધર્મની શરણાગતિ સ્વીકારવી પડે. શરણ સ્વીકારનારને એ શરણાગત બનાવી દે છે !સમસ્ત દુઃખ અને દુઃખોનાં કારણરૂપ પાપોથી હંમેશ માટે મુક્ત બનાવી દે છે.

બીજના ચન્દ્રની જેમ બાળક સુદર્શન, દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતો રહ્યો છે. માત્ર શરીરથી નથી વધતો, સાથે સાથે ઉત્તમ કુળ અને સંસ્કારી - ધર્મપરાયણ માતા-પિતાના પ્રભાવે ન્યાય - નીતિ - ધૈર્ય - દયાશીલ - માતા-પિતાની સેવા, દેવ-ગુરુપ્રત્યેની શ્રદ્ધા - ભક્તિ, કુટુંબ વાત્સલ્ય, અનાથ જીવો પ્રત્યે અનુકંપા વગેરે અનેકાનેક અનુપમ ગુણોથી પણ વૃદ્ધિ પામતો જાય છે. **રૂપની સાથે ગુણોનું જોડાણ થાય એટલે તો સોનામાં સુગંધ ભળે ! ગુણવગરનું રૂપ તો પોતાનેય મારે અને સાથે કેટલાય જોનારનેય ડુબાડે ! મોહાધીન જીવો માત્ર રૂપને જોઈ; જ્યોતની પાછળ પતંગિયાની જેમ પાગલ બને પરંતુ ધર્માત્માઓ તો ગુણ જોઈને; ભગવાનની પાછળ ભક્તની જેમ આકર્ષિત બને !**

ક્રમશઃ સુદર્શન બાળક મટી યુવાન બન્યો. તેનામાં યૌવન આવ્યું પણ ઉન્માદ નહીં ! યૌવનાવસ્થાની કોઈ જ બદી સુદર્શનને અભડાવી શકી ન હતી. ધર્મના અભેદ્ય રક્ષા કવચધારી સુદર્શનકુમાર દુર્ગુણોથી અસ્પૃશ્ય હતા. ઝંઝાવાતી પવન પણ મજબૂત કિલ્લાને અથવા તાડના વૃક્ષને ક્યાં નુકશાન પહોંચાડી શકે છે ? અગ્નિ પણ કેગરના લાકડાને ક્યાં બાળી શકે છે ? જંબૂદ્વીપની વચ્ચે ઊભેલો મેરુ પર્વત પણ સુદર્શન મેરુ ગણાય છે, તેમ આય મેરુ સુદર્શનકુમાર પ્રચંડ દોષોના પવન વચ્ચેય અડીખમ છે !

ચંપાનગરીમાં જ રહેતા એક ઉત્તમ કુળવાન શ્રેષ્ઠીની મનોરમા નામની સદ્ગુણી કન્યા સાથે ઋષભદાસ શેઠે પોતાના પુત્ર સુદર્શન શેઠનાં પાણિગ્રહણ કરાવ્યાં. સુદર્શન અને મનોરમા એ બંને નામો એક જ અર્થને સૂચવનારાં હોવાથી



ખરેખર, નામ પ્રમાણે તે બંનેનાં અંતઃકરણ અને આત્મા એકરૂપ થઈ ગયાં. સંસારમાં લગ્ન ઘણાંનાં થાય છે પરંતુ સ્વભાવ-ગુણાદિના મેળવાળાં જોડાં તો કોઈક જ મળે છે. આવા વિરલ જોડામાં સુદર્શન - મનોરમાનો નંબર હતો.

બંનેય જીવો દંપતીધર્મના જાણકાર અને વિવેકી હોવાથી તે દંપતી સંસાર-વ્યવહારની સડક પર ક્યારેય સ્ખલના ન પામ્યાં. એટલું જ નહીં, અન્ય દંપતીઓને આદર્શરૂપ બન્યાં હતાં. પતિની અને સાસુ-સસરાની આજ્ઞા મુજબ રહેનારી મનોરમા સૌની પ્રીતિ સંપાદન કરી અર્હત્ - ધર્મની ઉપાસિકા - પરમશ્રાવિકા બની. સુદર્શનની જેમ મનોરમાની મનોભૂમિમાં પણ બાલ્યાવસ્થાથી જ ધર્મશ્રદ્ધાના શુભ અને દિવ્ય સંસ્કારોનાં બીજ રોપાયેલાં હતાં. તેનાં ઉપર સાસુ-સસરા અને પતિના સહવાસરૂપ પાણીનું સિંચન થતાં એ સંસ્કારો ખૂબ ફાલ્યા-ફૂલ્યા, દેદીપ્યમાન બન્યા. એક ઉત્તમ શ્રાવિકાને યોગ્ય પૂર્ણ સૂચિત કરનારા એ સદ્ગુણો હતા.

સુદર્શન શેઠ પણ પોતાની વ્યવહાર કુશળતા, ન્યાયનિષ્ઠતા વગેરે ગુણોના યોગે પોતાની જ્ઞાતિમાં, નગરમાં અને રાજદરબારમાંય વિશેષ માન્ય થવા લાગ્યા. ગુણોની સુવાસ ક્યાં છાની રહેતી હોય છે ? **ધનવાન દરેક જગ્યાએ ન પૂજાય એ સંભવિત છે, પરંતુ ગુણવાન તમામ જગ્યાએ પૂજ્ય છે,** એ વાત્સવિકતા છે. આર્ય સન્નારી હોય અને ધર્મ - ગુણથી સમૃદ્ધ હોય તેને કોણ બહુમાનની નજરથી ન જુએ અર્થાત્ આવી નારીને જોઈ કોના અંતઃકરણમાં એની પ્રતિષ્ઠા ન થાય ? **મોટે ભાગે ધનવાન ઈર્ષ્યાનો ભોગ બને પણ ગુણવાન ન બને ! માટે ધન નહીં ગુણો જ સાચી સમૃદ્ધિ ગણાય છે. પ્રાયઃ 'ધનવાન' શબ્દ કરતાં 'ગુણવાન' નું આયુષ્ય વધુ જોવા** મળે છે. ધન તો પુણ્યથી મળી જાય, ગુણો તો પુરુષાર્થથી પ્રાપ્ત કરવા પડે છે. પુણ્ય મજબૂત હોય તો ધનને ટકાવવા માટે પુરુષાર્થની જરૂર પડતી નથી. ગુણોને ટકાવવા માટે સતત સાવધાની અને પુરુષાર્થની આવશ્યકતા રહે છે. પુણ્ય જીવને પછાડી શકે છે, દુર્ગતિમાં ખેંચીને લઈ જઈ શકે છે. ગુણો હંમેશા ઊર્ધ્વગામી જ બનાવે છે.

આ દંપતી ગુણથી સમૃદ્ધ હોવાથી એ ગૃહમંદિરની શોભારૂપ પણ હતા અને એમને ત્યાં સુખ અને લક્ષ્મીનો વાસ હોય; એમાં નવાઈ શું ? માત્ર પુણ્ય હોય તો ક્યારેક ઠગારું પણ નીવડે.અહીં તો પુણ્ય અને ગુણનો સુમેળ-સરવાળો છે ! **પુણ્ય તો દૂષણવાળુંય હોય, ગુણમાં દૂષણ ન હોય.** દૂષણ જણાય તો એ વાસ્તવિક ગુણ ન હોય, માત્ર ગુણનો દેખાવ હોઈ શકે.

એકવાર રાજાના અતિમાન્ય કપિલ નામના રાજપુરોહિત સાથે આ સુદર્શન શેઠને મિત્રતા બંધાઈ. આ પુરોહિત પણ શાંત સ્વભાવનો, સત્ય બોલનારો, સાહિત્યનો રસિક હોવાથી સુદર્શનને અનુકૂળ રહેવા લાગ્યો. આ બંનેની વાતચીતોમાં ક્યારેક તો એવો રંગ જામતો કે તે વાર્તા-વિનોદમાં તેઓ જમવાનુંય ભૂલી જતા ! ગુણગ્રાહી અથવા ગુણાનુરાગી ગ્રામજનો આ બંનેને એક રૂપ, એક રસ જોઈ રામ-લક્ષ્મણની જોડી જ માનતા.

સરખે-સરખાની જોડી જ લાંબો સમય ટકતી હોય છે. એમાંય જે વિષયમાં તેમને રસ હોય તે વિષયમાં બંનેની સારી પ્રગતિ જોવા મળતી હોય છે. જો તેઓ ધર્મના સંબંધથી જોડાયા હોય તો ધર્મના માર્ગે ખૂબ આગળ વધી જતા હોય છે. પાપના સંબંધથી જોડાયા હોય તો પાપ કરતાં પાછું વાળીને જોતા નથી. ક્યારેક આવી જોડી ઈર્ષ્યાનો ભોગ પણ બની જાય છે. ધર્માત્માની જોડી અનેકને આદર્શરૂપ પણ બની જાય છે. સ્વના કલ્યાણ સાથે પરના ક્લાયણમાંય નિમિત્ત બની જાય છે.

વાર્તા વિનોદમાં ક્યારેક રાજમાન્ય કપિલપુરોહિતને ઘરે પહોંચવામાં વિલંબ થઈ જતો. એક વાર પુરોહિત પત્નીએ તેને પૂછ્યું; હે સ્વામિન્ ! તમે ભોજનાદિ કે વ્યાપારનાં (વ્યવહારિક) કાર્યોમાં વ્યગ્ર (વ્યસ્ત) કેમ લાગો છો ? ઉત્તર આપતાં રાજપુરોહિતે કહ્યું : હે આર્યા ! નગરમાં મારે સુદર્શન નામનો એક પરમપ્રિય મિત્ર છે, તેની સાથે વાર્તા-વિનોદમાં સમય વધારે પસાર થવા છતાં કાંઈ જ યાદ આવતું નથી. હા, તેવા મિત્રનો ભેટો થવાથી હું મારી જાતને ધન્ય માનું છું.

એ મહામતિ મિત્રના એટલા બધા ગુણો છે કે તેમાંનો એક શતાંશ (સોમો ભાગ) પણ મારાથી વર્ણવી શકાય તેમ નથી. તેમાંય તેનો ધર્મ-પ્રેમ તો કોઈ અદ્‌ભુત-અલૌકિક જ છે. તેનાં વચનો અમૃતનાં ઘુંટ જેવાં છે. તે બોલે તો સંભળ્યા જ કરવાનું મન થાય. એ અમૃતનાં ઘુંટ પીધા જ કરવા છતાં તૃપ્તિ ન થાય. તેનું મુખ-કમલ તો પૂર્ણિમાના ચંદ્રની જેમ સોળે કળાએ ખીલેલું જ હોય છે. તારી આગળ કેટલું વર્ણન કરું ? વર્તમાનકાળમાં આના જેવો બીજો નરરત્ન મારા જોવા - જાણવામાં નથી આવ્યો !

પતિના મોંઢે આવા ગુણો સાંભળતાં જ તે કપિલા (કપિલની પત્ની) રોમાંચિત થઈ ગઈ. પતિના મુખે સાંભળેલી વાતો તે કપિલા માટે ગુણાનુરાગ ઉપજાવનારી નહીં પણ વ્યક્તિ રાગ માટે થઈ. કપિલા કોઈપણ ભોગે સુદર્શનનો સમાગમ કરવા



લાલાયિત થઈ ગઈ, આકુળ - વ્યાકુળ બની ગઈ.. સુદર્શનના દર્શનની સાથે સાથે તેના સ્નેહ દાનનો લાભ ઈચ્છતી તે તક શોધી રહી છે. ક્યારે મોકો મળે ને સુદર્શનનો સમાગમ થાય.. એ મનોરથોમાં દિવસો વીતી રહ્યા છે.

એક દિવસ રાજાની આજ્ઞાથી કપિલપુરોહિતને કાર્ય પ્રસંગે બહાર જવાનું થયું. આજે સરસ અવસર છે, એમ સમજી કપિલા પહોંચી સુદર્શનને ત્યાં, તેના આવાસમાં પહોંચતાં જ કપિલાની નજર સુદર્શન પર પડી. ગુણની વાતો તો પતિના મોંઢે સાંભળી હતી. તેનાથી આકર્ષિત થયેલી હતી અને એમાં વળી આજે પ્રત્યક્ષ દર્શન થયાં, સુદર્શનનું રૂપ પણ જોયું. કપિલા વિશેષ વિહ્‌વળ બની ગઈ.

સ્ત્રીચરિત્રનું અનુકરણ કરતી હોય તેમ કહેવા લાગી : હે સુદર્શન ! આજે તમારા મિત્રને શારીરિક સ્વસ્થતા નથી. અહીં આવી શકે તેમ નથી આપ ત્યાં પધારી તેમને ધીરજ પ્રદાન કરવા પૂર્વક સંતુષ્ટ કરો. આપની સાથે વાર્તા - વિનોદ માટે ત્યાં જ બોલાવે છે. વિરહની વ્યથામાંથી બંનેને મુક્તિ મળશે. કપિલાના કપટની વાત સુદર્શન ન સમજી શક્યા. કપિલાની વાતને તેમણે સાચી માની લીધી. કપિલાય વચન-પ્રયોગમાં ચતુર હોવાને કારણે સુદર્શન એને સાચી માની ગયા. દિલમાં રહેલા કપટને સરળ વ્યક્તિ જલદી સમજી શકતી નથી. (ક્રમશઃ) ધ

## ★ ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગનું સ્થાપન : 3 ★★★

-સંકલન

એકવાર શ્રાવસ્તી નગરીમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પધાર્યા છે, તે જ વખતે પોતાને જિન કહેવરાવતો ગોશાળો પણ આવ્યો છે. લોકમાં વાત ચાલી કે આપણી નગરીમાં બે જિન આવ્યા છે. શ્રી ગૌતમ મહારાજા ભિક્ષાએ ગયા છે, તેમનાથી આ ન ખમાયું, તેથી ઝટ ગોચરી લઈ ભગવાન પાસે આવ્યા અને ભગવાનને પૂછે છે કે- 'હે ભગવંત ! શ્રાવસ્તિમાં બે જિન આવ્યા છે, તેવી વાત ચાલી રહી છે, તો ગોશાળો ખરેખર જિન છે ?'

ભગવાનને ખબર હતી કે આનો ખુલાસો કરવામાં 'ઝઘડો' ઊભો થવાનો છે, મારા બે મુનિ બળવાના છે. છતાં ય ખુલાસો કર્યો. ભગવાને તેનું વર્ણન ન કર્યું હોત, મૌન રહ્યા હોત તો વાંધો હતો ? તો પણ ભગવાને કહ્યું કે - 'બે જિન હોઈ શકે નહિ. તે જિન નથી પણ એક સમયનો મારો શિષ્ય મંખલી પુત્ર ગોશાળો છે.' તેમ કહીને તેની ઓળખ આપી છે ? ભગવાનને ખબર હતી કે, આ વાત બહાર

જવાની છે, તે સાંભળશે એટલે ક્રોધથી ધમ-ધમતો અહીં આવશે, જેમ તેમ બોલશે, મારી પર તેજોલેશ્યા મૂકશે; તો પણ ભગવાને સાચી જ વાત કહીને ?

ભગવાનની વાત સાંભળી તે જ્યારે આવી રહ્યો છે ત્યારે ભગવાને શ્રી ગૌતમ આદિ સર્વ મુનિઓને કહ્યું છે કે- 'તમે બધા ચૂપ રહેજો. વચમાં આવતા નહિ કે બોલતા નહિ. કષાયથી ધમધમી રહેલા તેનામાં મગધાદિ સોળ દેશોને બાળવાની શક્તિ છે.' તે આવીને ભગવાનને જેમ તેમ બોલવા લાગ્યો છે, તો બે મુનિઓથી સહન ન થયું અને તેને ઉત્તર આપવા વચમાં આવ્યા તો બેયને બાળી મૂક્યા છે, છેલ્લે ભગવાન પર તેજોલેશ્યા મૂકી છે. પણ તે તેજોલેશ્યા ભગવાન પર ન ચાલે માટે ભગવાનને પ્રદક્ષિણા કરીને તેના શરીરમાં પ્રવેશી છે અને ત્યાં જ તેણે પછડાટ ખાધી છે.

તે વખતે હવે ભગવાને શ્રી ગૌતમ મહારાજાદિને કહ્યું કે, 'હવે તેને કઠોર શબ્દ સંભળાવો, આ શબ્દો હમણાં કામ નહીં કરે પણ અવસરે કામ લાગશે.' ત્યારે શ્રી ગૌતમ મહારાજાદિએ તેને કહ્યું કે - 'તું અધમ છો, ગુરુ દ્રોહી છો, પાપી છો, વિશ્વાસઘાતી છો, હજી સમજ, 'ઈત્યાદિ કહેવાનું ભગવાને કહ્યું કેમ કે, તેમાં તેનું હિત દેખાયું હતું.'

તે પછી તેના શિષ્યો તેને ઉઠાવીને તેના મુકામે લઈ ગયા છે. બધાને ભેગા કરીને કહ્યું કે - 'મારું મડદું વાજતે-ગાજતે ભવ્ય રીતે કાઢજો.' છેલ્લે તેને ઘણી વેદના થઈ છે ત્યારે તેને સાચું જ્ઞાન થાય છે અને મેં ઘણું ખોટું કર્યું, બધાને ઊંધા માર્ગે ચઢાવ્યા, તેવો પશ્ચાત્તાપ થાય છે, ફરીથી બધા શિષ્યોને ભેગા કરીને કહ્યું છે કે - 'હું જિન નથી, સાચા જિન ભગવાન શ્રી મહાવીરદેવ છે. માટે મારા મરણ પછી મારા શબને કૂતરાંની જેમ કાઢજો. મારી ખૂબખૂબ નિંદા કરજો. અને મારું મડદું જે જે રસ્તે જાય ત્યાં પાણી છાંટજો અને કહેજો કે-'આ પાપીના સ્પર્શથી જમીન અપવિત્ર બની છે, તેને પવિત્ર કરવા પાણી છાંટીએ છીએ.' ત્યાં તે સમ્યગ્દર્શન પામ્યો.

તેના મરણના સમાચાર જાણી શ્રી ગૌતમ મહારાજાએ ભગવાનને પૂછ્યું કે 'તે મરીને ક્યાં ગયો ? ભગવાન કહે કે - બારમે દેવલોકે' દુશ્મન પ્રત્યે પણ બીજો ભાવ છે ? આખી સભાને આશ્ચર્ય પામેલી જોઈને ભગવાને કહ્યું કે -

'તે અંતે સમકિત પામી ગયો, પોતાના પાપનો પશ્ચાત્તાપ કર્યો. આ પાપને પ્રતાપે એવો ભારે કર્મ બંધ કર્યો કે ત્યાંથી મરીને રાજા થશે, મુનિને મારવા પ્રયત્ન કરશે. મુનિ તેને સમજાવશે પણ તે નહિ સમજે, ત્યારે બીજા મુનિઓને - શાસનને



હેરાન ન કરે માટે મુનિ તેના પર તેજોલેશ્યા મૂકશે. ત્યાંથી મરીને સાતમી નરકમાં જશે. આ રીતે દરેક નરકમાં બે બે વાર જશે, બધી યોનિમાં ફરી આવશે, અને ક્રમસર બધા દેવલોકમાં જશે.

છેલ્લે અનુત્તરમાં જઈ, મહાવિદેહમાં મનુષ્ય થઈ સાધુ થશે, ત્યાં તે કેવળજ્ઞાન પામશે અને બધાને કહેશે કે - 'મારા જેવો ગુરુદ્રોહ કોઈ ન કરતા' અને અનેક જીવોને ધર્મ પમાડી પોતે મોક્ષે જશે.' ભગવાને જેવું હતું તેવું જ કહ્યું છે. ખરાબને ખરાબ અને સારાને સારા ભગવાન કહી ગયા છે.

જમાલિને ઓળખો છો ને ? ભગવાનનો ભાણેજ અને જમાઈ છે. પાંચસો (૫૦૦) રાજપુત્રો સાથે ઠાઠથી મહોત્સવપૂર્વક દીક્ષા લીધી છે. જ્યારે તેમની મતિ ફરી છે અને ભગવાનને પણ ખોટા કહ્યા છે ત્યારે તેમના શિષ્યો તેમને સમજાવે છે પણ તે સમજતા જ નથી અને 'હું સાચો અને ભગવાન ખોટા જ' તેમ કહે છે ત્યારે પાંચસોય શિષ્યો તેમને મૂકીને ભગવાન પાસે આવે છે, ત્યારે ભગવાને તેમને ભૂલ કરી કહ્યું કે વધાવ્યા ? ભગવાનની જ દીકરી અને તેની સ્ત્રી તેના પરના રાગથી તેનામાં ભળી છે. તો કુંભાર એવા શ્રાવકે તેણીને પ્રતિબોધી છે, સાચું સમજ્યા પછી તે પણ જમાલિને સમજાવવા ગઈ છે. તેવા હઠીને છોડવા પડે ને ? ભગવાનની હાજરીમાં આ બનાવો બનેલા છે. (ક્રમશઃ) ધ

## ★ અનુમોદનાનું અમૃત ★★★

**-સંકલન**

પૂજ્યપાદ જ્ઞાનદાતા, ધર્મતીર્થપ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક આ.ભ.શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના કૃપાપાત્ર પટ્ટધર આગમ-શિલ્પ-વિધિવિધાન વિશારદ પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૩ તથા પૂ.પ્ર.સાધ્વીજીશ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ ની; પૂજ્યપાદ વર્તમાનગચ્છનાયક, મહારાષ્ટ્રશાર્દૂલ આ.ભ.શ્રીમદ્ વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા-આશીર્વાદથી અને શ્રીમતી ભંવરીબેન ઘેવરચંદજી સુરાણા પરિવારની વિનંતિથી શ્રીપાર્શ્વસુશીલધામ, બેંગલોર ખાતે ચાતુર્માસની જય બોલાઈ.

તે માટે સુરાણા પરિવારના આનંદભાઈ વગેરે પુણ્યશાળીઓ જે.સુ.૭ તા.૧૭-૬-૨૦૨૧ ગુરુવારે બસવેશ્વરનગર આવ્યા હતા. શ્રી વિમલનાથ દાદાની છત્રછાયામાં શ્રીહાલારી વીશા ઓસવાલ તપગચ્છ જૈન સંઘના આંગણે, ચતુર્વિધ

સંઘની હાજરીમાં જય બોલાવાઈ હતી. સુરાણાપરિવાર ખૂબખૂબ આનંદિત થયો.

જે.વ.૭, તા.૧-૭-૨૦૨૧ ગુરુવારે સવારે પૂ.આચાર્ય ભગવંતાદિ શ્રમણ-શ્રમણી ભગવંતોએ બસવેશ્વરનગરથી વિહાર કર્યો. ઘણા ભાગ્યશાળીઓ વળાવવા આવ્યા હતા. (વિહારની વાત સાંભળી બસવેશ્વરનગરવાળા ભાગ્યશાળીઓને આઘાત લાગ્યો હતો. પૂજ્યશ્રીએ સમજાવ્યા.. સાધુનો આચાર છે. તમને એક ચોમાસા કરતાં વધારે લાભ શેષકાળમાં આપ્યો જ છે. હાલારી સંઘે તા.૨૭-૬-૨૦૨૧, જેઠ વદ ૩, રવિવારે અનુમોદના પ્રસંગનું આયોજન કર્યું હતું. તેમાં છ મહિનાના કરેલા ઉપકારોની સ્મૃતિ બધાએ પોત-પોતાના શબ્દોમાં અભિવ્યક્ત કરી હતી. ૧૨૦ રૂ.નું સંઘપૂજન તથા સાટાની પ્રભાવના થઈ હતી. બધાની આંખો અશ્રુભીની હતી. પુરુષોએ વક્તવ્ય દ્વારા અને શ્રાવિકાઓએ ગહુંલી દ્વારા પોતાના ભાવોને વાચા આપી હતી.)

જે.વ.૭ ના જયનગરમાં સ્થિરતા કરી. વ.૮ ના ખુડલુ ગેટ, માઇક્રો લેબમાં રોકાણ થયું. વ.૮ ના મલબેરી સિલ્કમાં મુકામ હતો.

**ચાતુર્માસ પ્રવેશ :** જે.વ.૧૦ તા.૪-૭-૨૦૨૧ રવિવારે પૂજ્યશ્રીનો 'શ્રીપાર્શ્વ-સુશીલધામમાં ચાતુર્માસ પ્રવેશ થવાનો હોવાથી તમામ તૈયારી થઈ ગઈ હતી. મેઈનગેટ ઉપર ભાગ્યશાળીઓ હાજર હતા. કુંભ-ગહુંલી વગેરેનું મંગલ થયા બાદ; કોરોનાના કારણે અંદર જ સામૈયું થયું. સીમિત સંખ્યામાં જ ભાવિકોને બોલાવવામાં આવ્યા હતા. વી.વી. પુરમ્ - બસવન ગુડી, બસવેશ્વરનગર, રાજાજીનગર, કુમારાપાર્ક, ગાંધીનગર, ચીકપેટ, માધવનગર વગેરે ઘણાં સ્થળોથી પુણ્યશાળીઓ પધાર્યા હતા. શ્રીમતી ભંવરીબેન, દિલિપભાઈ અને આનંદભાઈ વગેરે સહિત સુરાણા પરિવાર પણ ઉપસ્થિત હતો. સામૈયા બાદ બધા જ સભારૂપે ગોઠવાયા. ગુરુવંદન, મંગલાચરણ થયા બાદ સુરાણા પરિવારે સૌનું સ્વાગત કર્યું. દીપકભાઈ ગુરુજીએ સભાનું સંચાલન કર્યું. પૂજ્યશ્રીના પ્રવચન-બાદ ગુરુપૂજનનો ચઢાવો બોલાયો. કલ્યાણક અભિષેક પરિવારે લાભ લીધો. કામળી વહોરાવવાનો લાભ ચાતુર્માસ કરાવનાર સુરાણા પરિવારે લીધો હતો. ચોમાસાનાં કર્તવ્યો ઉપર પૂજ્યશ્રીએ લગભગ ૪૦ મિનિટ પ્રવચન આપ્યું. ત્યારબાદ મૈસૂરથી આવેલા ભાગ્યશાળીઓમાંથી ફુટરમલજીએ ગુરુ મ. ના ગુણો અને ગત ચાતુર્માસની વાતો કરી.



તે ઉપરાંત નગરથપેટના ઉપાધ્યક્ષ પ્રસન્નભાઈ પગારિયા, પ્રવીણભાઈ સોનેગરા વગેરે શ્રાવકોએ પોતાના ગુરુદેવ સાથેના અનુભવોની અને પૂજ્યશ્રી પાસે રહેલા દરેક વિષયનાં જ્ઞાન અને પ્રવચન શક્તિની વાતો કરી.

ગુરુપૂજન-કામળી વહોરાવવાની વિધિ થયા બાદ મૈસૂરના ટ્રસ્ટી-આરાધકો, નગરથપેટના ઉપાધ્યક્ષ વગેરેનું સુરાણા પરિવારે બહુમાન કર્યું. અંતે રૂ.૪૫૦ નું સંઘપૂજન થયું હતું !

**સંઘપૂજનના લાભાર્થીઓની યાદી :**

૪૦ રૂ. શ્રીમતી ભંવરીદેવી ઘેવરચંદજી સુરાણા (માઈક્રો લેબ) બેંગલોર. ૨૫ રૂ. અ.સૌ. વિલાસબેન જિતેન્દ્રભાઈ શાહ બોરસદવાળા. યુ.એસ.એ. ૨૦ રૂ. અ.સૌ.અંજનાબેન ચંપકભાઈ શાહ - અમદાવાદ. રૂ.૨૦ અ.સૌ. ડિમ્પલબેન પરેશભાઈ શાહ મુંબઈ રૂ.૨૦ લલિતભાઈ પારેખ - બેંગલોર. રૂ.૧૦ અશોકભાઈ શેઠ - બેંગલોર, રૂ.૧૦ અમિતભાઈ બંદામુથા - બેંગલોર. રૂ.૧૦ પ્રવીણભાઈ સોનેગરા - બેંગલોર, રૂ.૧૦ કાંતિલાલજી કટારિયા - બેંગલોર, રૂ.૧૦ સુરેશકુમાર હેમરાજજી પાવેચા - બેંગલોર, રૂ.૧૦ હંજાબાઈ ધરમચંદજી ખીંવેસરા - બેંગલોર, રૂ.૧૦ ભરતભાઈ શાહ - બેંગ્લોર, રૂ.૧૦ મંગુબેન સાંકળચંદજી શાહ - ઈડર, રૂ.૧૦ નરેન્દ્રભાઈ નેમચંદભાઈ શાહ - અમદાવાદ. રૂ.૧૦ કલાવતીબેન દિનેશભાઈ - અમદાવાદ. રૂ.૧૦ અ.સૌ.રશ્મિબેન શ્રેયાંસભાઈ શાહ-મુંબઈ, રૂ.૧૦ વીરેશભાઈ જયંતીલાલ મહેતા-બેંગલોર, રૂ.૧૦ જસવંતભાઈ તલકચંદ કોઠારી - ખેડબ્રહ્મા, રૂ.૧૦ અ.સૌ. હસુમતીબેન અરવિંદભાઈ મહેતા - ઈડર, રૂ.૧૦ પૂ.સા.પદ્મનંદિતાશ્રીજીમ.ની સંસારી બહેનો, રૂ.૧૦ દલિચંદજી શ્રીશ્રીમાલ - મૈસૂર, રૂ.૧૦ દિનેશભાઈ નગરિયા બેંગલોર, રૂ.૧૦ જીવીબેન કાલીદાસ નગરિયા - બેંગલોર, રૂ.૧૦ જયચંદભાઈ બેંગલોર, રૂ.૧૦ રમેશભાઈ ઘેવરચંદજી ભંડારી - બેંગલોર, રૂ.૧૦ મુક્તાબેન દેવચંદ-બેંગલોર, રૂ.૧૦ પરિવાર બેંગલોર. રૂ.૧૦ દેવીચંદજી-બેંગલોર રૂ.૫ જયાબેન વીરજી હરિયા - બેંગલોર, રૂ.૫ હસમુખલાલ દેવીચંદજી - બેંગલોર, રૂ.૫ અલકાબેન અમૃતલાલ શાહ, રૂ.૨૫ શિલાબેન-બેંગલોર. રૂ.૫ પ્રસન્નભાઈ મીઠાલાલજી-બેંગલોર. ધ

# ચારગતિમાંથી આવેલા જીવોની ઓળખ

**पापी रूपविवर्जितो गतकृपो यो नारकादागतः,**
**तिर्यग्योनिसमागतश्च कपटी नित्यं बुभुक्षातुरः ।**
**मानी ज्ञानविवेकबुध्दिकलितो यो मर्त्यलोकागतो,**
**यस्तु स्वर्गसमागतः स सुभगः प्राज्ञः कविः श्रीयुतः ।**

નરકમાંથી આવેલો જીવ પાપી, કદરૂપો, નિર્દય હોય છે. તિર્યંચગતિમાંથી આવ્યો હોય તો હંમેશા કપટી અને ખાઉધરો હોય છે. માનવગતિમાંથી આવ્યો હોય તો માની, જ્ઞાની, વિવેકી, બુદ્ધિશાળી હોય છે, જ્યારે સ્વર્ગમાંથી આવ્યો હોય તો સૌભાગ્યવાળો, પ્રાજ્ઞ-બુદ્ધિ-યુક્ત, કવિ અને સુંદર શોભાવાળો અથવા ધનવાન હોય છે.